જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૨/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૦૧/૧૭**

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

પ્રેસ નોટ

મિલ્કત સબંધી આરોપીને પકડવા બાબત ઓઢવ પોલીસ સ્ટેશન

ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ મિલ્કત સબંધી આરોપીઓ સબંધે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની સારી કામગીરી કરવામાં આવેલ છે

ઓઢવ પોલીસ સ્ટેશન જાણવા જોગ નં. ૨૦/૧૭ તા. ૨૫.૨.૧૭ સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબના કામમાં સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.એલ.ખાંટ તથા હેડ કો. મનોજભાઇ રણછોડભાઇ બનં. ૮૮૮૮ તથા હેડ કો. અમરસિંહ રેવાભાઇ બનં. ૩૮૪૭ તથા પોકો ચંદ્રસિંહ લાખુભા બનં. ૫૮૮૯ તથા લોકરક્ષક પ્રદિપસિંહ હઠીસિંહ બનં. ૨૨૬ તથા લોકરક્ષક રણજીતસિંહ સુખદેવસિંહ બનં. ૧૯૮૧ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮:૪૫ વાગ્યે ઓઢવ સરણીયા વાસ ચાર રસ્તા આવતા સાથેના પોકો ચંદ્રસિંહ લાખુભા તથા લોકરક્ષક પ્રદિપસિંહ હઠીસિંહ બંનેની સંયુક્ત બાતમી હકીકત આધારે ઓઢવ સરણીયા વાસ ચાર રસ્તા ખાતેથી આરોપી શ્રવણ સ/ઓ દલાજી છોગાજી મેઘવાલ ઉવ.૧૮ રહે. ઉદય એસ્ટેટ શેડ નં.૩૫ મડારામના કોન્ટ્રાક્ટમાં, કમગેસ એજન્સી પાસે સગુણા ચાર રસ્તા પાસે ઓઢવ અમદાવાદ મુળ વતન ગામ. મુલી. મીટવાડા તા. સાંચોર જિ. ઝાલોર રાજસ્થાન તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નામે વિકારામ ઉર્ફે વિક્રમ સ/ઓ રુડારામ રાજાજી માલી ઉવ.૧૫ રહે. ગુડીયા ટ્રાવેલ્સની ઓફિસમાં છોટાલાલની ચાલી ઓઢવ અમદાવાદ મુળ વતન ગામ. ધુમડીયા. માલીવાસ તા. જીનમાલ જિ. ઝાલોર રાજસ્થાન નાઓને હીરો હોન્ડા સ્પેલન્ડર પ્લસ મો.સા. જેના GJ-18-AP-8132 સાથે પકડી સદર મો.સા.ની માલીકી અંગેના કાગળો આધાર પુરાવા માંગતા સદરી બંને પોતાની પાસે નહી હોવાનું જણાવી મો.સા. અંગે કોઇ સંતોષકારક જવાબ આપતા ન હોય અને ગલ્લા તલ્લા કરતાં હોય સદરી બંને ઇસમોએ તેઓ પાસેનું મો.સા. ચોરી અગર તો છળ કપટથી મેળવેલ હોવાનો પાકો શકવહેમ હોય સદર મો.સા. હીરો હોન્ડા સ્પેલન્ડર પ્લસ નં. GJ-18-AP-8132 જેનો એન્જીન નં. HA10EEBHB 54615 તથા ચેચીસ નં. MBLHA10EYBHB 34953 જેની કિ.રુ. ૨૫૦૦૦/- ગણાય તે સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરી શ્રવણ સ/ઓ દલાજી છોગાજી મેઘવાલ ઉવ.૧૮ રહે. ઉપર મુજબ નાને આજરોજ તા.૨૫.૨.૧૭ કલાક ૧૯.૪૫ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામાં આવેલ હોય તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નામે વિકારામ ઉર્ફે વિક્રમ સ/ઓ રુડારામ રાજાજી માલી ઉવ.૧૫ રહે. ઉપર મુજબ નાને તેના વાલીને સોંપવા તજવીજ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હોય આરોપી મુદામાલની કોઇ ગુનાના કામે જરૂર હોય ઓઢવ પોલીસ સ્ટેશન સંપર્ક કરવા વિનંતી છે. તા.૨૫.૨.૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

### પ્રેસ નોટ

### અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં દુકાન સ્કુલ બેકરી ડેરી રાત્રીના તોડી સરસામાન રોકડ તથા સિગારેટ ચોકલેટ વિગેરેની ચોરી કરનાર ગેંગને ઝડપી પાડતી ઘાટલૉડીયા પોલીસ

અમદાવાદ શહેર નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એ ડીવીઝન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં ઘરફોડ ચોરી તથા અન્ય મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.ડી.ગોહીલ સા.નાઓની સુચના અનુસાર પો.સ.ઇ.એન.એ.વાઘેલા હે.કોન્સ મહેબુબભાઇ જીવાભાઇ  બ.નં.૮૧૪૪ પો.કો.અલ્પેશભાઇ વાઘુભાઇ બ.નં.૧૯૭૨ તથા પો.કો.મોહીતકુમાર રમેશચંદ્ર બ.નં.૨૭૨૫ તથા અમીતકુમાર ગણેશભાઇ બ.નં.૪૫૯૬ તથા જયદીપસિંહ ધીરૂસિંહ બ.નં.૫૫૫૪ તેમજ હોમગાર્ડઝના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મેમનગર વિવેકાનંદ સર્કલ એ.ઇ.સી.બ્રીજ તરફ જવાના રોડ પાસે આવતા સાથેના સ્ટાફનાં માણસો સાથે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા તા-૨૪/૨/૧૭ પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન વિવેકાનંદ સર્કલ મેમનગર પાસે આવતા સાથેના સ્ટાફના પો.કો.અલ્પેશભાઇ વાઘુભાઇ બ.નં.૧૯૭૨ તથા પો.કો.મોહીતકુમાર રમેશચંદ્ર બ.નં.૨૭૨૫ નાઓને બાતમી હકીકત મળેલ કે એક લાલ કલરની એવેન્ઝર મો.સા.જેનો R.T.O નંબર GJ-01-ND-6225 નુ છે તે લઇ ત્રણ સવારી અત્રે થી પસાર થનાર છે જે બાતમી આધારે સદરી મો.સા. ને રોકી ત્રણેય ઇસમો ની ઝડતી તપાસ કરતા તેઓની પાસે ના એક કાળા કલરના બેગ ચેક કરતા નાની મોટી ડેરીમિલ્ક કેડબરી ચોકલેટ ભરેલ હોય જે કુલ્લે ૪૮૦૦/-ગણાય તથા  એક સીસી ટીવી કેમેરા નુ સફેદ કલરનુ ડીવીઆર જેની કિ.રૂ'૩૫૦૦૦/-  હોય તથા બે કોસ (ગણેશીયા) સાથે મળી આવેલ તથા તેઓની અંગઝડતી તપાસ કરતા ત્રણેય ના પેન્ટના અલગ અલગ ખીસ્સાઓ માથી મોબાઇલ ફોન  તથા રોકડા ૧૦ દરની ચલણી નોટો કુલ્લે ૨૦૦૦/-રોકડા તથા એક બજાજ કંપનીની એવેન્ઝર આર.ટી.ઓ નંબર GJ-01-ND-6225 નો કી.રૂ.૩૦,૦૦૦/-ગણાય.તે સાથે મળી આવેલ જે ચીજ વસ્તુ બાબતે સદરી ઇસમોને પુછપરછ કરતા તેઓએ નારણપુરા વાડજ ખાતે ની દુકાનોના તાળા તોડ ચોરી કરી મેળવેલ હોવાનો તેમજ રોકડ નાણા સોલારોડ ઘાટલૉડીયા ખાતે આવેલ એક સ્કુલની ઓફીસ માથી ચોરી કરેલ હોવાનુ જણાવતા જે બાબતે અમદાવાદ શહેર ના નારણપુરા વાડજ તથા અત્રેના ઘાટલૉડીયા પોલીસ સ્ટેશન ખાતે ખરાઇ કરતા ઉપરોક્ત ત્રણેય વિસ્તારમા રાત્રી દરમ્યાન ચોરી થયેલ હો અને સદરી મુદામાલ ઉપરોક્ત ચોરી કરી મેળવેલ હોય ઉપરોક્ત ત્રણયે ઇસમો (૧) શુભમ S/O શશીસિં



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

રાજપુત ઉ.વ.૨૦ ધંધો-નોકરી રહે.૨૮ પુષ્પકુંજ સોસાયતી ઠક્કર નગર નિકોલ રોડ બાપુનગર અમદાવાદ શહેર મુળ ગામ દુર્લભપુર તા બક્સર થાના શિમરી જી.બક્સર બીહાર (૨) મોન્ટુસિંગ ઉર્ફે મોન્ટુ દેવિસિંગ રાજપુત ઉ.વ.૨૦ ધંધો- નોકરી રહે. ગામ જેગોલ (ઓઢવા)તા-દાતીવાડા જી બનાસકાંઠા મુળ રહે ચંદનવાડી તલાવની બાજુમા સદાફુલની બિલ્ડીંગ ચોથા માળે પો.સ્ટે.નૌપાડા જી થાણા બોમ્બે.હાલ રહે .૨૮ પુષ્પકુંજ સોસાયતી ઠક્કર નગર નિકોલ રોડ બાપુનગર અમદાવાદ શહેર (૩) રાજેન્દ્ર ઉર્ફે અજય રામભરોસે રામગુલામ રાવત ઉ.વ.૨૦ ધંધો-બેકાર રહે.બી/૧૧૨ કલ્યાણનગર હીરાવાડી નરોડા રોડ અમદાવાદ શહેર મુળ ગામ ઇબ્રાહીમપુર થાના શરેની તા જી. લાલગંજ ઉ.પ્ર. નાઓને ઘાટલોડીયા પો.સ્ટેશન જા.જોગ નં-૨૧/૧૭ સી.આર.પી.સી.૪૧(૧)ડી ના કામે તા-૨૪/૨/૧૭ કલાક ૨૦/૩૦ વાગે અટક કરી વધુ પુછપરછ દરમ્યાન આરોપીઓએ પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેર ના જુદા જુદા પોલીસ સ્ટેશનમા વીસ થી વધુ ગુના આચરેલ હોવાનુ કબુલાત કરે છે.

તેમજ સદરી આરોપી આવા બીજા કેટલા ગુનાઓ આચરેલ છે. તે દીશામા તપાસ તજવીજ હાથ ધરવામા આવેલ છે

<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>

વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી નાસતો-ફરતો આરોપી વાસીફઅલી ઉર્ફે વાસીદખાન સ/ઓ વલીખાન પઠાણ (ઉ.વ.૨૦) (રહે.સંકલીતનગર મકતમપુરા જુહાપુરા) નાને સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૪૫/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૩૦૭, ૧૧૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)અ મુજબના કામે નાસતો ફરતો હોઈ તા.૨૫/૨/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે વેજલપુર પોલીસે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. તેમજ ઉપરોક્ત ગુનાનો બીજો વોન્ટેડ આરોપી ફઇમ સ/ઓ સબ્બીરભાઇ મલેક (ઉ.વ.૨૨)(રહે.જીન્નત રો હાઉસ, આલ્ફા ડુપ્લેક્ષ પાસે, વેજલપુર રોડ) નાને તા.૨૬/૨/૧૭ ના કલાક ૧૩/૪૫ વાગ્યાના સુમારે વેજલપુર પોલીસે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

 

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)